# ૨૧ એપ્રિલ -૨૦૧૬ (ગુરૂવાર)

■ **રાહુલ જોહરી :**

- બીસીસીઆઇના સીઇઓ તરીકે રાહુલ જોહરીની નિમણૂંક કરાઇ.
- સુપ્રીમ કોર્ટ દ્વારા (નિયુક્ત જસ્ટિસ લોઢા કમિટિની ભલામણને, અનુસરતા ભારતીય ક્રિકેટ બોર્ડના વહિવટમાં પારદર્શિતા લાવવા તેમની નિમણૂંક કરાઇ છે.
- રાહુલ જોહરીએ BCCI ના સેક્રેટરી અનુરાગ ઠાકુરને રિપોર્ટ કરવાના રહેશે.
- જોહરી તેમનો કાર્યભાર આગામી ૧ જૂનથી સંભાળશે.

■ **લોરેસ વર્લ્ડ સ્પોટ્ર્સ એવોર્ડ :**

- જર્મનીના બર્લિનમાં ૧૬માં લોરેસ વર્લ્ડ સ્પોર્ટસ એવોર્ડનું આયોજન થયું.
- ટેનિસ ખેલાડી નોવાક જોકોવીચને વર્ષનો સર્વશ્રેષ્ઠ ખેલાડી વિમેન્સમાં સેરેના વિલિયમ્સને સર્વશ્રેષ્ઠ ખેલાડીના એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા.
- તથા ત્રણ વખતના ફોર્મ્યુલા વન ચેમ્પિયન નકી લાઉડાને 'લાઇફ ટાઇમ એચીવમેન્ટ'ના એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

**પ્રશ્નો :**

(૧) તાજેતરમાં BCCI ના સીઇઓ તરીકે કોની નિમણૂંક કરવામાં આવી ?
- રાહુલ જોહરી

(૨) લોરેસ વર્લ્ડ સ્પોટ્ર્સ એવોર્ડનું આયોજન કયાં થયું હતું ?
- બર્લિન, જર્મની

(૩) લોરેસ વર્લ્ડ સ્પોર્ટસ એવોર્ડનો આ વખતનો ક્રમ ?
- ૧૬ મો

(૪) લોરેસ વર્લ્ડ સ્પોટ્ર્સ એવોર્ડમાં સર્વશ્રેષ્ઠ ખેલાડીનો પુરૂષ અને મહિલા વિભાગમાં એવોર્ડ કોને એનાયત થયો ?
- નોવાક જોકોવીચ, સેરેના વિલિયમ્સ

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧